

સેક્ટર-૩ ખાતે આવેલ રામેશ્વર મંદિર ખાતે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ભગવાન શિવની કમળપુષ્પ અને દીવાઓથી આરાધના કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

## ઈન્દ્રોડા સર્કલ(ચ-૦) ખાતે અંબાજી જતા પદયાત્રીઓ માટે સેવા કેન્દ્ર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના પ્રવેશ દ્વાર એવા ઈન્દ્રોડા સર્કલ(ચ-૦) ખાતે પંચદેવ મંદિરના યુવકો દ્વારા ભાદરવા સુદ પુનમે અંબાજી પગપાળા જતા યાત્રીકો માટે છેલ્લા ૧૮ વર્ષથી સેવા કેન્દ્ર ચલાવવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૨૯-૮-૧૪ અને ભાદરવા સુદ ચોથના રોજથી સેવા કેન્દ્રનો પ્રારંભ શ્રી પંચદેવ મંદિરના મહંત પૂ. ફૂલશંકર શાસ્ત્રીજીના વરદહસ્તે રાખવામાં આવેલ છે. આ સેવા કેન્દ્રમાં ચા, કોફી, નાસ્તો, ગરમ મહાપ્રસાદ, મેડીકલ સારવાર તેમજ વિશ્રામ કરવાની પણ વ્યવસ્થા રાખેલ છે. જેથી દરેક પદયાત્રીકોને સેવાનો લાભ લેવા નમ્ર વિનંતી.

## બ્રહ્મસમાજ મહિલા પાંખનો ગણેશોત્સવ નિમિત્તે કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે પૌષ્ટિક વાનગી સ્પર્ધા અને ગણેશજી અને શિવજીના ભજનનો કાર્યક્રમ તા. ૨૯ ઓગસ્ટ, શુક્રવારે બપોરે ૨.૩૦ કલાકે બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે યોજાશે. સ્પર્ધામાં જે બહેનો ભાગ લેવા ઈચ્છુક હોય તેમણે આશાબેન ભટ્ટ-૨૩૨ ૨૫૬૫૬, કુ. અંજના ગોર-૯૪૨૮૬ ૧૪૪૮૨, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય-૨૩૨ ૪૧૪૫૨ પર નામ નોંધાવવા પ્રતિભાબેન દવેએ જણાવ્યું છે.

# ભાદરવાના પ્રારંભે ચિલોડામાં અણુંજાની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે આજે ગ્રામવાસીઓએ ભાદરવા મહિનાનો પ્રથમ દિવસ હોવાથી વર્ષો જુની પરંપરા મુજબ 'અણુંજા' પાળી એક દિવસની ઉજવણી કરાઈ હતી. આ પરંપરા મુજબ ગામના ખેડૂતો અને પશુપાલકો ગામ પર દેવી દેવતાઓની કૃપા રહે તે માટે આ દિવસે અણુંજો પાળે છે. આ ઉજવણીમાં તમામ દૂધ ઉત્પાદકોએ આજે દૂધ ડેરીમાં ભરાવવાના બદલે ગરીબોને દાનમાં આપ્યું હતું. ગ્રામવાસીઓ આ દિવસે છાણ-વાસીદુ કે ઘરનો કચરો સાફ કરવાનું કામ કરતા નથી. અને તેમજ સાંજે ગામના તમામ દેવી-દેવતાઓના દેવાલયોમાં દીવો-અગરબત્તી વગેરે કરી પૂજા-અર્ચના કરે છે. આજે પણ ગ્રામજનોએ સાથે મળીને અણુંજાની ઉજવણી ભાવપૂર્વક કરી હતી.

# ચિલોડામાં આકાશી વિજળીના ઝાટકાથી એક યુવાન ફંગોળાયો

ચિલોડા, તા.૨૬

ચિલોડામાં રવિવારની સમી સાંજે ભારે આકાશી તોફાન સાથે વરસેલા વરસાદમાં એક યુવાનને તેના ખેતરમાં વિજળી પડવાથી ઝાટકો લાગતા તે ત્રીસેક ફુટ ફંગોળાઈને પટકાયો હતો. ચિલોડાના ૪૦ વર્ષીય યુવાન ભરતભાઈ કાળાભાઈ પટેલ તેમના ખેતરમાં તે બોર પાસે ઉભા હતા ત્યારે ભારે વિજળી અને વાદળોની ગર્જના સાથે વરસાદ તુટી પડયો હતો. આ સમયે અચાનક એક આકાશી વિજળીનો તેજ લિસોટો તેમની નજીક દેખાયો હતો અને તેઓ ધડાકાભેર લગભગ ત્રીસેક ફુટ દુર ફંગોળાઈને પટકાયા હતા. આ ઘટનાથી તેમના શરીરમાં ભારે અશકિત આવી ગઈ હતી અને તેઓ બિમારીનો શિકાર બન્યા હતા જેથી તેમને ખાનગી દવાખાનામાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. જો કે આ વિજળીના ચમકારામાં ભરતભાઈ પટેલનો આબાદ બચાવ થતાં પરિવારે રાહતની લાગણી અનુભવી છે.

# જેસીઆઈ અને જયશ્રી કૃષ્ણ પરિવારની નટખટ 'મટકી ફોડ'



ગાંધીનગર, તા. ૨૬

જન્માષ્ટમી એ સૌનો પ્યારો તહેવાર છે અને એમાંય 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી' સાથે મટકી ફોડનો નટખટ કાર્યક્રમ જયશ્રીકૃષ્ણ પરિવાર સે. ૨૯ દ્વારા દર વર્ષે દમામભેર ઉજવાય છે. આ પરિવારના ઉત્સાહી સભ્ય એવાં પદમસિંહ ચૌહાણે જેસીઆઈ જોઈન કર્યા બાદ એનાં પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કેતન ભાવસાર સાથે એમની આખી યંગ ટીમ આમાં જોડાતાં આ આખોય કાર્યક્રમ ભવ્ય બની રહ્યો.

કૃષ્ણ જન્મ સાથે યોજાતી મટકી ફોડ પહેલાં ભવ્ય રાસ-ગરબા અને બાળકૃષ્ણ વેષભુષાની સ્પર્ધા યોજાઈ હતી. ધમાલના ઓરકેસ્ટા પર કૃષ્ણગીતોની રમઝટ કરાવવા નિકુંજ શુક્લા અને ચિરાગ બગથરિયાએ અંગત રસ લીધો હતો. બાળકોને કૃષ્ણની વેશભુષામાં તૈયાર કરાવવા ફાલ્ગુની ભાવસાર, મિતાલી ત્રિવેદી અને લતા શુક્લાએ શણગાર કરી એક સાથે અનેક કાનુડા ત્યાં રમતાં કરી દીધેલાં.

બરાબર બારના ટકોરે યોજાયેલ દહી હાંડીમાં જેસીઆઈના પ્રતિક જાની, પ્રહર અંજારીયા, વિરલ શાહ, સંકેત ગોર, જીગર રાણા, વિશાલ, સંજય નાયી, કિર્તી ઠાકોર, જીતેશ બારોટ, બિનીશ નાયરે સુંદર આયોજન હાથ ધર્યુ હતું. પદમસિંહ ચૌહાણે ત્રણ માળ ઉંચે લટકાવેલી મટકી ફોડી કૃષ્ણ જન્મ વધાવ્યો હતો. સમગ્ર જયશ્રી કૃષ્ણ પરિવાર અને ટીમ જેસીઆઈનો આ રંગારંગ કાર્યક્રમ મુંબઈની દહીહાંડીની યાદ અપાવે એવો બની રહ્યો.

## સે.૫-સી નવરાત્રિ સમિતિના હોદેદારોની વરણી

સેક્ટર-૫-સી નવરાત્રિ સમિતિની બેઠક તાજેતરમાં યોજવામાં આવી હતી. બેઠકમાં સે-૫-સી નવરાત્રિ સમિતિના હોદેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ પદે સતત ૧૩ માં વર્ષે પણ ડૉ. રાજેન્દ્ર પટેલની વરણી કરવામાં આવી છે. ઉપપ્રમુખ પદે વાસુદેવભાઈ મિસ્ત્રી, રતિભાઈ પટેલ, ભરતસિંહ ગોલ, મહેન્દ્રભાઈ પરમાર, મંત્રી પદે નરેશ પરમાર, સહમંત્રી પદે જીતુભાઈ મિસ્ત્રી, કમલેશ પટેલ, ખજાનચી પદે અશોકભાઈ પટેલ, ઓડિટર પદે અરૂણભાઈ ત્રિવેદી, એડવોકેટ અને યુવા પ્રમુખપદે ગૌરવ જોષીની વરણી કરવામાં આવી હતી.

## ચક્ષુદાન કરવામાં આવ્યું

શહેરના સે-૩-સી માં વસતા સેવંતીલાલ કેશવલાલ શાહનું અવસાન થતા તેમના પુત્ર મેહુલ શાહ દ્વારા મૃતકના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું છે. જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા આ દાન લેવામાં આવ્યું છે. હોસ્પિટલના ડૉ. હર્ષદ શાહ, સંસ્થાના કાર્યકર હિતેશ રાવલ અને રાજુ વાઘેલાએ સહયોગ આપ્યો હતો.

## આઈલાનોર્સ ફાઉન્ડેશને કપડાનું વિતરણ કર્યું

મહિલાઓ દ્વારા ચાલતી આઈલાનોર્સ વુમન ફાઉન્ડએશ બાળકો અને મહિલાઓના વિકાસ માટે કાર્ય કરે છે ફાઉન્ડેશનના સભ્યો અને વિવિધ શાળાના બાળકોએ સાથે મળીને સેક્ટ-૨૪ છાપરામાં રહેતા લોકોને કપડાનું વિતરણ કર્યું હતું અને છાપરામાં રહેતા બાળકોની સાથે અભ્યાસનું મહત્વ સમજાવ્યું હતું.

## જ્યોતિ મહિલા મંડળ બહેનો માટે સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા સાર્વજનિક ગણેશોત્સવ અંતર્ગત બહેનો માટે ભજન સ્પર્ધા, આરતી સુશોભન, શ્રીફળ શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધા તા. ૧ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧.૩૦ વાગે, સેક્ટર-૨૨, રંગમંચ ખાતે યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક બહેનોએ પુષ્પાબેન મહેતા - ૨૩૨-૨૨૨૯૦, કોકીલાબેન નાયક - ૨૩૨-૨૮૧૧૩, નિરુબેન નાયક - ૨૩૨-૨૬૧૪૬ અને શાંતાબેન શ્રીમાળી ૨૩૨-૨૬૫૭૯ પર સંપર્ક કરવા લતાબેન ચોક્સી અને કુ. ચેતના બુચે જણાવ્યું છે.

# નારદીપુરમાં દરોડો પાડી એલસીબીએ ૭ શકુનીઓ ઝડપી પાડ્યા

## *ગામના તળાવની પાળી પર બેસીને બાજી માંડી હતી*

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં સ્થિત નારદીપુર ગામના તળાવની પાળી ઉપર બેસીને કેટલાક શખ્સો જુગાર રમવા બાજી માંડીને બેઠા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડીને ૭ શકુનીઓને રંગેહાથ ઝડપી પાડી ૬ મોબાઈલ સહીત રૂ. ૧૦ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે.



નારદીપુર ગામના તળાવની પાળ પર જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે દરોડો પાડ્યો હતો. જાહેરમાં જુગાર રમી રહેલા નારદીપુર ગામના ૭ શખ્સો કનુ આત્મારામ પટેલ, રણજીત ભગાજી વાઘેલા, ભીખા પ્રહલાદભાઈ પટેલ, કનુ હરિદાસ પટેલ, હાર્દિક સોમાભાઈ રાવળ અને મગન મણીભાઈ પટેલની ધરપકડ કરી લઈ તમામ સામે જુગાર ધારાહેઠળ ગુનો દાખલ કરી ૬ મોબાઈલ તથા રોકડ રૂ. ૭૨૮૦ મળીને કુલ રૂ. ૧૦,૨૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# જિલ્લામાં નર્મદા કેનાલમાં પડતુ મુકવાના ત્રણ બનાવો : એકનું મૃત્યુ

## એક મહિલાને જીવતી બહાર કાઢી બચાવી લેવાઈ : એક યુવાનની કેનાલમાં શોધખોળ ચાલુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં પડતુ મુકી આપઘાત કરવાના ૨૪ કલાકમાં ત્રણ કિસ્સાઓ બનવા પામ્યા છે. ગત સાંજે એક યુવાનનો ખોરજ કેનાલમાંથી મૃતદેહ બહાર કઢાયો હતો. જ્યારે રાયપુર કેનાલમાં કુદેલી મહિલાને જીવતી બહાર કાઢી બચાવી લેવામાં આવી હતી. તો બીજી તરફ લીંબડીયા કેનાલમાં કુદેલા એક યુવાનની શોધખોળ ચાલી રહી છે.

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સ્થિત ખોરજ નર્મદા કેનાલમાં ગઈકાલે આશરે ૨૫ થી ૩૦ વર્ષનો અજાણ્યો યુવાન પડ્યો હતો. તેનો સાંજે મૃતદેહ મળી આવતા અડાલજ પોલીસે પી.એમ. માટે મોકલી ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. આજે સાંજના અરસામાં રાયપુર નર્મદા કેનાલ પાસે બે બહેનપણીઓ આવી હતી તે પૈકી એક મહિલાએ પડતુ મુક્યુ હતુ. ગ્રામજનો તથા કેનાલ સિક્યુરીટી ગાર્ડનું ધ્યાન જતાં ડુબતી મહિલાને જીવતી બહાર કાઢી બચાવી લઈ ડભોડા પોલીસ સ્ટેશન મોકલી દેવાઈ હતી. જ્યારે લીંબડીયા કેનાલ બહાર સાંજે પલ્સર બાઈક નં. જીજે-૧.એમ.એફ.-૬૯૩ મુકીને કેનાલમાં છલાંગ લગાવી હતી. આ યુવાનની શોધખોળ મોડી સાંજ સુધી ચાલી હતી પરંતુ અતોપતો લાગ્યો ન હતા.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

'ચ' રોડ પર વિધાનસભા ગેટ નં. ૭ પાસે આજે બપોરના સમયે મારુતી ફ્રન્ટી અને સ્વિફટ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સદનસીબે કોઈને પણ ઈજા થવા પામી ન હતી. ઉલ્લેખનીય છે કે આ જગ્યા પર અવાર-નવાર અકસ્માત સર્જાય છે ત્યારે અહીંયા બમ્પ મુકવાની માંગ પ્રબળ બની છે.

# કલોલ પાવઠી મેળામાં આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લા પંચાયત ગાંધીનગર આયુર્વેદ શાખા અને કપિલેશ્વર મહાદેવના સહયોગથી આયુર્વેદના પ્રચાર અર્થે આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ અને આયુર્વેદ ઔષધ યુક્ત હર્બલ ટી નું વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગત તા. ૨૫ ઓગસ્ટનારોજ પાવઠી મેળામાં સવારે ૧૦ થી ૭ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો શુભારંભ જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય સમિતિના ચેરમેન જ્યોત્સનાબેન પટેલ કપિલેશ્વર મહાદેવના મહંત પૂર્ણાનંદજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં ૩૨૫ લાભાર્થીઓએ આયુર્વેદ નિદાન અને ૬૪૨ લાભાર્થીઓએ હર્બલયુક્ત ટી નો લાભ લીધો હતો.

## એમ.બી. પટેલ કન્યાશાળાની વિદ્યાર્થીનીઓ રાજ્યકક્ષાએ ખો-ખો રમશે

ગાંધીનગર, તા. ૨૬

સેક્ટર-૨૩ કડી સંકુલમાં આવેલ એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓએ વ્યાયામ મંડળ દ્વારા આયોજિત વિભાગકક્ષાની ખો-ખો સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં એમ.બી. પટેલ કન્યા શાળાની ટીમની ખેલાડી શ્રુતિ ગામિત અને ક્રિશ્ના પટેલ રાજ્યકક્ષાએ પસંદગી પામી છે.






(તસવીર : કશ્યપ નીમાવત)

ઈન્ડીયન રેડક્રોસ દ્વારા સેક્ટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા કોલેજ ખાતે ફાયર સેફટી અંતર્ગત એક સેમીનાર યોજાઈ ગયો. હાજર વિદ્યાર્થીઓને ફાયર ચીફ ઓફિસર શ્રી મહેશ મોઢ દ્વારા આગ ઓલવવાની તેમજ કોઈ પણ ડીઝાસ્ટર વખતે પ્રાથમિક રીતે તૈયાર રહેવાની સમજણ આપવામાં આવી હતી. ત્યારબાદ ફાયર ટીમ દ્વારા 'વોટર ફલો' દ્વારા ડેમોસ્ટ્રેશન બતાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય ઉમાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સર્વે કાર્યક્રમમાં મેહુલભાઈ શાસ્ત્રી (રેડક્રોસ ચેરમેન) અને કોલેજ સ્ટાફ પરિવારે સાથ સહકાર આપ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૧
સૂર્યાસ્ત : ૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૨ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫, ૩.૪૫, ૬. ૪૫, ૧૦.૦૦

: સ્કીન-૨ :

મર્દાની : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્કીન-૩ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સ્કીન-૪ :

મેડ અબાઉટ ડાન્સ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

મર્દાની : ૧૦.૦૦

: સ્કીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

મર્દાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

સિંઘમ રિટર્ન્સ : ૧.૩૦, ૭.૩૦

: સ્કીન-૨ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

મેડ અબાઉટ ડાન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્કીન-૩ :

મર્દાની : ૧.૦૦, ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર-વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. રાણા દેવુબા દિપુજી (ઉ.વ.૭૫) ગામ-ભૂંડિયા (નવા ધરમપુર), તા.જી. ગાંધીનગર.
- સ્વ. ઠાકોર ચંચીબેન મણાજી (ઉ.વ.૬૫) ગામ - ચાંદીસણા, તા. કલોલ, જી. ગાંધીનગર.
- સ્વ. દેસાઈ જેબરબેન બાબરભાઈ (ઉ.વ.૭૦) મુ. ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર.